eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 119
September 14, 2007

## રાંદેર ઝોનની કામગીરી

પશ્ચિમ ઝોન (રાંદેર) દ્વારા ઝોનમાં જુદીજુદી જગ્યાએ ટી.પી. રસ્તા તેમજ ફુટપાથ પરથી લારી–ગલ્લા તથા ટી.પી. રોડને લાગુ માર્જીન (પાર્કિંગ વિસ્તારમાં) થયેલા દબાણો દુર કરવાની ઝુંબેશના ભાગરૂપ તા.૦૬/૦૯/૦૭ નીચે જણાવ્યા મુજબની દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન આયોજિત ૩૫ મી નાટય સ્પર્ધા તા.૦૬/૦૯/૦૭ થી તા.૧૪/૦૯/૦૭



સુરત મહાનગર સેવાસદન આયોજિત ૩૫ મી નાટય સ્પર્ધા તા.૦૬/૦૯/૦૭ થી તા.૧૪/૦૯/૦૭ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન ખાતે કરવામાં આવેલ છે. જેનું ઉદઘાટન તા.૦૬/૦૯/૦૭ના રોજ રાત્રે ૯ :૦૦ કલાકે માં મેયરશ્રી ડો કનુભાઈ માવાણી, ડે.મેયરશ્રીમતી ડો. સુષ્માબેન અગ્રવાલ,શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, ડે.કમિશનરશ્રી(સ્પે) પી.જે.ઝાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાળા તથા નિર્ણાયકોની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી કરવામાં આવ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત વર્ષ ૨૦૦૭ અન્વયે અઠવા ઝોન વિસ્તારમાં સુરત મહાનગર સેવાસદન ધ્વારા પુનઃનિર્મિત "ચિલ્ડ્રન ટ્રાફિક ટ્રેઈનીંગ પાર્ક"ની લોકાર્પણવિધિ તા.૦૭–૦૯–૨૦૦૭નાં રોજ મા.મેયર ડો.કનુભાઈ જી. માવાણી વરદહસ્તે સંપન્ન



આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી એસ. અપર્ણાએ ઉપસ્થિત મહાનુભાવો, જનમેદની અને વિદ્યાર્થીઓને આવકારતા જણાવ્યું કે"ચિલ્ડ્રન ટ્રાફિક ટ્રેઈનીંગ પાર્ક" નાગરિકો અને ભાવિ પેઢીને ટ્રાફિક અંગેનું શિક્ષણ તથા તાલીમ મળી રહે તે માટે સુરત મહાનગર સેવાસદનનો ઉમદા પ્રયાસ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## "નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન



"નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત તા.૦૭/૦૯/૦૭ને શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૨:૦૦ કલાક દરમ્યાન સોનીફળિયા અર્બન હેલ્થ સેન્ટર દ્વારા ઢીંગલી ફળિયા, બડેખા ચકલાં, કબુતર ખાના વિસ્તારમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ શ્રી ગણેશની કલાત્મક મૂર્તિઓ અને ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન



સુરત મહાનગર સેવા સદન સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ખાતે તા.૦૯/૦૯/૦૭ના રોજ મા.મેયરશ્રી કનુભાઈ માવાણીના વરદ હસ્તે "શ્રી ગણેશજીની કલામક મૂર્તિઓ અને ફોટોગ્રાફસ" ના પ્રદર્શનનું ઉદઘાટન કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ઓગષ્ટ ૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પિટલમાં ઓગષ્ટ માસ દરમ્યાન ૧૨૬૧૮ ઈન્ડોર તથા ૩૬૬૩૧ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૫૧ તથા ૫૭૧ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા .

વધુ માટે કલીક કરો >>>>>>

## માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે તા.૧૦/૦૯/૦૭ રોજ સુરત મહાનગર સેવા સદન દ્વારા જયપ્રકાશ નારાયણ માર્ગ (રીંગરોડ) પર કડીવાલા સ્કૂલ તથા સબજેલ જંકશન પર ફલાય ઓવરબ્રીજ તથા અપગ્રેડેડ આંજણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની લોકાર્પણવિધિ



સુરત મહાનગર સેવા સદન દ્વારા તા૧૦/૦૯/૦૭ રોજ બપોરે ૨:૦૦ કલાકે જયપ્રકાશ નારાયણ માર્ગ (રીંગરોડ) પર કડીવાલા સ્કૂલ તથા સબજેલ જંકશન પર નવનિર્મિત ફલાય ઓવર બ્રીજ તથા સાંજે ૪:૧૫ કલાકે અપગ્રેડેડ આંજણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની લોકાર્પણ વિધિ ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રમોદીના વરદ હસ્તે સંપન્ન કરવામાં આવી.

વધુ માટે કલીક કરો >>>>>>

## રાંદેર ઝોનની કામગીરી

પશ્ચિમ ઝોન (રાંદેર) દ્વારા ઝોનમાં જુદીજુદી જગ્યાએ ટી.પી. રસ્તા તેમજ ફુટપાથ પરથી લારી–ગલ્લા તથા ટી.પી. રોડને લાગુ માર્જીન (પાર્કિંગ વિસ્તારમાં) થયેલા દબાણો દુર કરવાની ઝુંબેશના ભાગરૂપ તા.૦૬/૦૯/૦૭ નીચે જણાવ્યા મુજબની દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૧૨ (અડાજણ) માં ઋષભ ટાવરથી ગુજરાત ગેસ સર્કલને જોડતા ૬૦' ના ટી.પી. રસ્તાની બંને બાજુની ફુટપાથ તેમજ લાગુ રોડ માર્જીનમાં મૂકવામાં આવેલ કાઉન્ટર નંગ–૧૧, લારી નંગ–૩ અને જાહેરાતના બોર્ડ નંગ–૪૫ દુર કરી, જપ્ત કરી ફુટપાથ તેમજ રોડ માર્જીન ખુલ્લા કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૧૪ (રાંદેર–અડાજણ), ફા.પ્લોટ નં.૧ માં આવેલ ગોલ્ડન પાર્ક એપાર્ટમેન્ટની પાસેથી (પ્રાઈમ આર્કેડ પાસે) પસાર થતાં ૮૦' ના ટી.પ. રસ્તાને લાગુ ફુટપાથ તેમજ રોડ માર્જીનમાં કરવામાં આવેલ કાચા, પાકા દબાણો તેમજ બંધ લારી નંગ–૨૫, જાહેરાતના બોર્ડ નં.૨૦ દુર કરી જપ્ત કરી ફુટપાથ તેમજ રોડ માર્જીન ખુલ્લા કરવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૧૪ (રાંદેર–અડાજણ), ફા.પ્લોટ નં.૫૭ રૂપાલી સીનેમાની બાજુમાં આવેલ પંચવટી સોસાયટી પ્લોટ નં.૧૬ અને ૬૮ તથા તેની બાજુમાં આવેલ શીવકૃપા એપાર્ટમેન્ટની પૂર્વેથી પસાર થતાં ૧૫૦' ના રોડ માર્જીનમાં આશરે ૧૦૦૦ ચો.ફૂટના માપ વિસ્તારમાં બનાવેલ પતરાના શેડ ખોલી કાઢી રોડ માર્જીન ખુલ્લું કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કામગીરી રાંદેર તેમજ અઠવા ઝોનના દબાણ સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ, પોલીસ સ્ટાફના સાથ અનેશ્ર સહકારથી પાર પાડવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગર સેવાસદન આયોજિત ૩૫ મી નાટય સ્પર્ધા તા.૦૬/૦૯/૦૭ થી તા.૧૪/૦૯/૦૭



સુરત મહાનગર સેવાસદન આયોજિત ૩૫ મી નાટય સ્પર્ધા તા.૦૬/૦૯/૦૭ થી તા.૧૪/૦૯/૦૭ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન ખાતે કરવામાં આવેલ છે. જેનું ઉદઘાટન તા.૦૬/૦૯/૦૭ના રોજ રાત્રે ૯ :૦૦ કલાકે માં મેયરશ્રી ડો કનુભાઈ માવાણી, ડે.મેયરશ્રીમતી ડો. સુષ્માબેન અગ્રવાલ,શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, ડે.કમિશનરશ્રી(સ્પે) પી.જે.ઝાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાળા તથા નિર્ણાયકોની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી કરવામાં આવ્યું હતું. શહેરના નગરજનોને વીજળી, પાણી, ડ્રેનેજ, રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ આપવાની સાથે શહેરની કલાપ્રિય જનતાને મનોરંજન મળે તે માટે દર વર્ષે જુદાજુદા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરે છે. જેમાં શહેરની જનતા ઉત્સાહભેર ભાગ લે છે.



શહેરની નાટય સંસ્થાઓ અને કલાકારોને પ્રોત્સાહન મળે તે હેતુથી સુરત મહાનગર સેવાસદન છેલ્લા ૩૪ વર્ષથી ત્રિઅંકી નાટય સ્પર્ધા સફળતાપૂર્વક આયોજન કરતી આવી છે. આ સ્પર્ધામાંથી પ્રોત્સાહન મેળવી ઘણા નાટકો રાજય કક્ષાએ, અન્ય રાજયોની નાટય સ્પર્ધાઓમાં તથા રાષ્ટ્રીય કક્ષાએ પણ પસંદગી પામ્યા છે. આ ૩૫ મી નાટય સ્પર્ધાનું તા.૦૬/૦૯/૦૭ ના રોજ વિદ્યામંડળ સોસાયટી સંચાલિત ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ સંસ્થાનું અને શૈલેન્દ્ર વડનેરે દિગ્દર્શીત "એક દિશા ચાણકય" નાટક રજુ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, મહાનુભાવો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.હવે પછી નીચે મુજબની નાટયકૃતિઓ રજુ થશે.

## ૩૫ મી નાટય સ્પર્ધાનો કાર્યક્રમ

| નાટકનો ક્રમ | નાટકની તારીખ | નાટય સંસ્થાનું નામ | નાટકનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|
| 1. | 07/09/07 | મલ્હાર | એક હતી જસ્મા "ઓડાણ" | પ્રા.સોનલ વૈદ કુલકર્ણી |
| 2. | 08/09/07 | સ્ટુડન્ટ યુથ સર્કલ (સુરત) | લાગણીના ઘરમાં આપણે | શ્રી દિલીપ એમ. દેસાઈ |
| 3. | 09/09/07 | સંભવ ગ્રુપ | "પરણું તો એને જ પરણું" | શ્રી વિશાલ ઈન્દ્રવદન જરીવાળા |
| 4. | 10/09/07 | રાષ્ટ્રિય કળા કેન્દ્ર, સુરત | ધુમ્રસેર | શ્રી મેહુલ શર્મા |
| 5. | 11/09/07 | સુરત કલ્ચરલ એકેડેમી | જન્મ | શ્રી પ્રકાશ મહેતા |
| 6. | 12/09/07 | શિવોહમ આર્ટસ | ચાલને ડિયર મારા પિયર | શ્રી નિરજ નાયક |
| 7. | 13/09/07 | સમાંતર થિયેટર | ઓ માય લવ | શ્રી કેતન રાઠોડ |
| 8. | 14/09/07 | એમ સ્કેવર આર્ટસ | મૃગને શોધ કસ્તુરીની | સલિલ ઉપાધ્યાય/વિનસ શાહ |

TOP

# નિર્મળ ગુજરાત વર્ષ ૨૦૦૭ અન્વયે અઠવા ઝોન વિસ્તારમાં સુરત મહાનગર સેવાસદન ધ્વારા પુનઃનિર્મિત "ચિલ્ડ્રન ટ્રાફિક ટ્રેઈનીંગ પાર્ક"ની લોકાર્પણવિધિ તા.૦૭–૦૯–૨૦૦૭નાં રોજ મા.મેયર ડો.કનુભાઈ જી. માવાણી વરદહસ્તે સંપન્ન



આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી એસ. અપર્ણાએ ઉપસ્થિત મહાનુભાવો, જનમેદની અને વિદ્યાર્થીઓને આવકારતા જણાવ્યું કે"ચિલ્ડ્રન ટ્રાફિક ટ્રેઈનીંગ પાર્ક" નાગરિકો અને ભાવિ પેઢીને ટ્રાફિક અંગેનું શિક્ષણ તથા તાલીમ મળી રહે તે માટે સુરત મહાનગર સેવાસદનનો ઉમદા પ્રયાસ છે. શહેરમાં મુખ્ય પ્રશ્ન ટ્રાફિકની સમસ્યા તેમજ ટ્રાફિક અંગેના પ્રશ્નો છે. મહાનગર સેવાસદન તથા પોલીસ વિભાગના સંકલનથી આ કાર્ય સારી રીતે થઈ શકે જેના ભાગરૂપે વિદ્યાર્થી યુવા પેઢીમાં ટ્રાફિક જાગૃતિ આવે તે માટેનો મુખ્ય હેતુ છે. જે અતંર્ગત ટ્રાફિક સિગન્લની જાણકારી તથા આ અંગેની વિવિધ જાણકારી પ્રત્યક્ષ તેમજ ઓડીયો વીડિયો દ્વારા વિવિધ શાળાના વિદ્યાર્થીઓને આપવાનો પ્રયાસ છે. ટ્રાફિક સમસ્યા અત્યંત જટીલ છે. જે ફકત ફલાય ઓવર અને રોડ મોટા કરી હલ કરી શકાશે નહીં. પ્રજાના સહકારથી આ પ્રશ્નનો હલ થઈ શકે. સદર ટ્રેનીંગ પાર્ક વ્યવસ્થિત રીતે કાર્યરત રહે તે માટે સહકારની ભાવના વ્યકત કરી હતી.




અતિથિવિશેષશ્રી એડી. પોલીસ કમિશનરશ્રી વિકાસ સહાય ટ્રાફિકની જાણકારી અંગેના હેન્ડ બીલ અને ફોલ્ડરનું અનાવરણ કરી પોતાના પ્રવચનમાં જણાવ્યુ હતુ કે સુરત શહેરના ટ્રાફિકના પ્રશ્નોના અનુભવને ધ્યાને લઈ ટ્રેઈનીંગ પાર્કની લોકાર્પણવિધિના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ આનંદ વ્યકત કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે ટ્રાફિક નિયમોની જાણકારી તે પ્રથમ પગથીયું છે. પોલીસ ફોર્સ એના નિયમન માટે છે. લોકોમાં ટ્રાફિક નિયમ અંગે જાગૃતિ આવે તે ખુબ જ જરૂરી છે. ટ્રાફિક નિયમનના શિક્ષણ માટે આ પાર્ક ઉપયોગી થઈ પડશે. સદર પાર્ક દ્વારા ટ્રાફિક અંગેનુ જ્ઞાન મળે અને જાગૃતિ આવે તો પોલીસની કામગીરી  હળવી બનશે. ગુજરાતના તમામ શહેરોમાં સુરત શહેરમાં વાહન અકસ્માતનુ પ્રમાણ ખુબ જ વધારે છે. લોકો ટ્રાફિક નિયમનનુ પાલન કરતા વિવિધ કારણોસર જણાતુ નથી. આ માટે ટ્રાફિક શિક્ષણની અગત્યતા ખુબ જ જરૂરી છે.

મા. મેયરશ્રીએ પોતાના ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે શહેરમાં ટ્રાફિકનો પ્રશ્ન ખુબ જ જટીલ છે. પ્રજામાં ટ્રાફિક સેન્સ તથા ટ્રાફિક નિયમોની જાણકારીનો ખુબ જ અભાવ છે. આ અંગેનુ શિક્ષણ નાની ઉમરથી જ મળી રહે તથા શિક્ષણ મળે તે ખુબ જ જરૂરી છે. આ પાર્કમાં વિવિધ સાધનોની ઉપલબ્ધિ, જાણકારી ઓડીયો વિઝયુલ દ્વારા મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા બદલ ટ્રાફિક સેલ અભિનંદનને પાત્ર છે. સુરત મહાનગર સેવાસદનની સ્કુલના તમામ વિદ્યાર્થીઓ આનો લાભ લેશે તો લાંબે ગાળે ટ્રાફિક અંગેની જાણકારીમાં સુધારો થશે. આ અંગે સરકારશ્રીના સબંધકર્તા વિભાગો તથા સુરત મહાનગર સેવાસદનના સંકલનની અગત્યતા જણાવી હતી.

મુખ્ય સમારોહ પૂર્ણ થયા બાદ મા. મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના વરદહસ્તે"ચિલ્ડ્રન ટ્રાફિક ટ્રેઈનીંગ પાર્ક"ની લોકાર્પણવિધિ તથા તકતીનું અનાવરણ થયેલ. ત્યાર બાદ ટ્રાફિકના નિયમોની જાણકારી માટે ઓડીયો વિડીયો શો (ફીલ્મ શો) દ્વારા એડી. પોલીસ કમિશનરશ્રી વિકાસ સહાયે ટ્રાફિક અંગેની માહિતી ઉપલબ્ધ કરાવી હતી.

નગર નિયોજન સમિતિના અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ તેમજ અધિકારી/કર્મચારીગણ, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહી સમારોહને સફળ બનાવ્યો હતો.

TOP

# "નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન



"નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત તા.૦૭/૦૯/૦૭ને શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૨:૦૦ કલાક દરમ્યાન સોનીફળિયા અર્બન હેલ્થ સેન્ટર દ્વારા ઢીંગલી ફળિયા, બડેખા ચકલાં, કબુતર ખાના વિસ્તારમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

મેડીકલ કેમ્પના કાર્યક્રમનું શુભ ઉદઘાટન જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાના હસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવ્યું. આ કેમ્પમાં મ્યુ. સદસ્ય શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા તથા શ્રીમતી વર્ષાબેન રાણા, આસી.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ, વોર્ડના પ્રતિષ્ઠિત નાગરિક, આસી.જંતુનાશક અધિકારી શ્રીમતી ગાયત્રીબેન જરીવાળાએ હાજર રહી માર્ગદર્શન પૂરૂ પાડેલ તેમજ સોનીફળિયા હેલ્થ સન્ટરના મેડીકલ ઓફિસરશ્રી, જુનીયર મેડીકલ ઓફિસરશ્રી તથા હેલ્થ સેન્ટરનો તમામ સ્ટાફ હાજર રહ્યો હતો.

સદર કાર્યક્રમમાં કુલ ૨૪૫ દર્દીઓને સારવાર આપવામાં આવેલ જે પૈકી તાવના ૭૯, ચામડીના રોગના ૧૩, ટી.બી.ના ૦૮, એ.આર.આઈ.ના ૨૭, STD ના ૧૨ કેસો તપાસવામાં આવ્યા હતા. ૧૨ વ્યકિતઓને રસીકરણની સારવાર આપી બ્લડની ૯૫ સ્લાઈડ લેવામાં આવી. ૩૦૦ પ્રચાર પત્રિકાનું વિરતણ કરવામાં આવ્યું. સદર કાર્યક્રમમાં SEXUALLY TRANSMITTED DISEASE, RANTCP, કોપર ટી., ટી.બી. (ક્ષય રોગ), કુંટુબ નિયોજન વિશે આવનાર તમામ લોકોને વિસ્તૃત માહિતી આપવામાં આવી.

TOP

# સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ શ્રી ગણેશની કલાત્મક મૂર્તિઓ અને ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન



સુરત મહાનગર સેવા સદન સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ખાતે તા.૦૯/૦૯/૦૭ના રોજ મા.મેયરશ્રી કનુભાઈ માવાણીના વરદ હસ્તે "શ્રી ગણેશજીની કલામક મૂર્તિઓ અને ફોટોગ્રાફસ" ના પ્રદર્શનનું ઉદઘાટન કરવામાં આવેલ. પ્રદર્શનમાં સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી, શાસકપક્ષનાં નેતાશ્રી, મા.કમિશનરશ્રી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રી, ઉપાધ્યક્ષાશ્રી, તેમજ મ્યુનિ.સદસ્યશ્રીઓ, ચેરમેનશ્રીઓ, સીટી ઈજનેરશ્રી, આસી.કમિશનરશ્રી તથા મોટી સંખ્યામાં શહેરીજનો ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રર્દશનમાં શ્રી ગણેશજીની વિવિધ વસ્તુઓમાંથી બનાવેલી ૪૦૦ જેટલી મૂર્તિઓ અને ફોટોગ્રાફ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. જેમાં મુખ્યત્વે તાંબા–પિત્તળ, લાકડું, વાંસ, પથ્થર, પ્લાસ્ટર ઓફ પેરિસ, કલે, ફાઈબર, મીણ, મારબલ, કાંચ, શંખ, પ્લાસિટક, કુદરતી વસ્તુઓમાંથી બનાવેલી મૂર્તિઓ પ્રદર્શિત કરવામાં આવી છે. આ પ્રદર્શનમાં પ્રદર્શીત થયેલી મૂર્તિઓનો સંગ્રહ શ્રી ભરતભાઈ ઉપાધ્યાય, શ્રી સંજયભાઈ જોશી, શ્રી નિમેશભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યો છે. ઉપરાંત પરજન્ય અમિત પટોળાવાળા, ઉંમર વર્ષ ૧૧, અભ્યાસ ધોરણ – ૬ જેઓ છેલ્લા ૬ વર્ષથી માટીમાંથી ગણેશજીની મૂર્તિઓ બનાવે છે. તે મૂર્તિઓ પણ પ્રદર્શિત કરવામાં આવી છે.

પ્રદર્શન તા.૯/૦૯/૦૭ થી ૩૦/૦૯/૦૭ સુધી રોજ સવારે ૧૧.૦૦ થી રાત્રે ૫.૪૫ સુધી જાહેર જનતા માટે ખુલ્લુ રહેશે અને પ્રદર્શન સોમવાર અને જાહેર રજાના દિવસો દરમ્યાન બંધ રહેશે, તેમજ ગણેશ ઉત્સવ નિમિત્તે તા.૧૬/૦૯/૦૭ તી ૨૩/૦૯/૦૭ સુધી પ્રદર્શન સવારે ૧૧.૦૦ થી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

TOP

## માહે ઓગષ્ટ ૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પિટલમાં ઓગષ્ટ માસ દરમ્યાન ૧૨૬૧૮ ઈન્ડોર તથા ૩૬૬૩૧ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૫૧ તથા ૫૭૧ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૧૩૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૩૧૪ અને જુના ૩૭૪ દર્દીઓ સહીત કુલ ૬૮૮ દર્દીઓને તપાસવામાં આવેલ. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૩૦૯ તથા આંખ વિભાગમાં ૨૪૧૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૦૯૨૮ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

TOP

## માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે તા.૧૦/૦૯/૦૭ રોજ સુરત મહાનગર સેવા સદન દ્વારા જયપ્રકાશ નારાયણ માર્ગ (રીંગરોડ) પર કડીવાલા સ્કૂલ તથા સબજેલ જંકશન પર ફલાય ઓવરબ્રીજ તથા અપગ્રેડેડ આંજણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની લોકાર્પણવિધિ



સુરત મહાનગર સેવા સદન દ્વારા તા૧૦/૦૯/૦૭ રોજ બપોરે ૨:૦૦ કલાકે જયપ્રકાશ નારાયણ માર્ગ (રીંગરોડ) પર કડીવાલા સ્કૂલ તથા સબજેલ જંકશન પર નવનિર્મિત ફલાય ઓવર બ્રીજ તથા સાંજે ૪:૧૫ કલાકે અપગ્રેડેડ આંજણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની લોકાર્પણ વિધિ ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રમોદીના વરદ હસ્તે સંપન્ન કરવામાં આવી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી નરોત્તમભાઈ પટેલ, મા.મંત્રીશ્રી પાણી પુરવઠા, જળસંપત્તિ વિભાગ, ગુજરાત રાજય તેમજ મા.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણી, મા.ડે.મેયરશ્રી ડો.સુષ્માબેન એસ અગ્રવાલ, મા.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.મ્યુનિ. કમિશનર કુ. એસ.અપર્ણા, મા. શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ તથા મા.ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત મહાનગર સેવા સદન દ્વારા સને ૧૯૯૧માં તાપી નદી ઉપર સરદાર વલ્લભભાઈ પટેલ બ્રીજ શરૂ કરવામાં આવ્યો, ત્યારબાદ શહેરના ક્રમશઃ વિકાસને પરિણામે ટ્રાફિકના સરળીકરણ માટે નદી/ખાડીઓ ઉપર નાના–મોટા ૫૧ પુલો તૈયાર કરવામાં આવેલ છે. હાલમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે અઠવા ગેટ જંકશન પર ફલાય ઓવરથી શરૂ કરી જુદા જુદા ૬ ફલાય ઓવર બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે.

સુરત શહેરનાં પૂર્વ–પશ્ચિમ તથા ઉત્તર–દક્ષિણના વિસ્તારને જોડતો, શહેરમાંથી રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ગોલ્ડન કોરીડોરને સાંકળતાં અતિ મહત્વનાં રીંગરોડ ઉપર મજુરાગેટથી શરૂ કરી ઉધના ગેટ જંકશન સુધી લગભગ રૂા.૨૯ કરોડના ખર્ચે કુલ ૪ (ચાર) ફલાય ઓવર બ્રીજ બાંધવાનું આયોજન કરવામાં આવેલ. તે પૈકી ઉધનાગેટ જંકશન ઉપરનો ફલાય ઓવરનું કામ પૂર્ણ થયેલ હોય તેને ટ્રાફિક માટે માર્ચ ૨૦૦૭ દરમ્યાન ખુલ્લો મુકવામાં આવેલ. હાલમાં કડીવાલા સ્કુલ તથા સબ જેલ જંકશનોને આવરી લેતા આ ફલાય ઓવરબ્રીજનું કામ પૂર્ણ થયેલ હોય તેને ટ્રાફિક માટે ખુલ્લો મુકવામાં આવેલ છે.



કડીવાલા સ્કૂલ તથા સબ જેલ જંકશનોને આવરી લેતા આ ફલાય ઓવર બ્રીજની એપ્રોચ સહિત કુલ લંબાઈ ૬૬૫ મીટર છે. આ બ્રીજ કુલ ૯૩૬.૫૫ લાખનાં ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે.

રીંગરોડની એક તરફ જુનો શહેર વિસ્તાર તથા બીજી તરફ શહેરનો નવો વિકસીત, વિકાસશીલ વિસ્તાર આવેલ છે. આ ફલાય ઓવર કાર્યરત થવાથી રીંગરોડ પરની સ્ટેશન તરફથી સીગ્નલ ફ્રી મુસાફરી માટેનું વધુ એક મહત્વનું યોગદાન પ્રદાન થયેલ છે. આ ફલાય ઓવર બનવાથી મુસાફરીના સમયમાં તથા ઈંધણ વપરાશમાં ઘટડો થશે અને પ્રદુષણની માત્રામાં પણ ઘટાડો થશે. વધુમાં આ રીંગરોડ પર અવર–જવર કરતાં તેમજ આ રીંગરોડ પરથી રેલ્વે/બસ સ્ટેશન, ગોલ્ડન કોરીડોર તરફ આવતાં–જતાં વાહનો, રીંગરોડ પરનાં જે તે સ્થળેથી સીધા નજીકનાં જંકશન પરથી ફલાય ઓવરનો ઉપયોગ કરી શકશે.

આ ફલાય ઓવરબ્રીજના લોકાર્પણથી શહેરનાં અઠવાગેટથી દિલ્હીગેટ સુધીના રીંગરોડ ઉપર ટ્રાફિક સંબંધિત ફ્રી મુવમેન્ટ કરી શકાશે અને ટ્રાફિક સમસ્યાનાં પ્રશ્ન હલ થવાની સાથે શહેરની શોભામાં અભિવૃધ્ધિ થશે તેમજ મહાનગર સેવા સદનની યશકલગીમાં વધુ એક સોનેરી પીચ્છ ઉમેરાશે. આ ફલાયઓવર બ્રીજ કાર્યરત થવાથી બળતણ અને સમય બન્નેનાં બચતનો લાભ શહેરીજનોને મળી રહેશે.



તદઉપરાંત મા.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા સાંજે ૪.૧૫ કલાકે અપગ્રેડેડ આંજણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની લોકાર્પણવિધિ કરવામાં આવી. આંજણા ખાતે સૌ પ્રથમ ૧૯૫૮ માં ૨૫.૦ એમ.એલ.ડી. ક્ષમતાનો તથા ત્યાર બાદ સને ૧૯૮૧માં બીજો ૫૧.૦ એમ.એલ.ડી.નો પ્રાયમરી ટ્રીટમેન્ટની સુવિધા ધરાવતો ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ હતો. ત્યારબાદ સને ૧૯૯૫ માં ૮૨.૫ એમ.એલ.ડી. ક્ષમતાના સેકન્ડરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને કાર્યકરત કરવામાં આવેલ.

તે સમયનાં ટ્રીટમેન્ટ પ્લાન્ટના હાઈડ્રોલીક લેવલ અને તે વખતના પ્લાન્ટના ડીઝાઈન પેરામીટર્સ તથા GPCB ના ટ્રીટેડ એફલ્યુઅન્ટના ડીસ્પોઝલ નોર્મ્સ તેમજ હાલના પ્લાન્ટ પર આવતા રો–સુએઝની લાક્ષણિકતાઓ તથા GPCB ના ટ્રીટડ એફલ્યુઅન્ટના ડીસ્પોઝલ નોર્મ્સ ધ્યાને લેતા મુખ્યત્વે બે મુદ્દાઓએ પ્લાન્ટને અપગ્રેડ કરવામાં આવેલ છે.



પ્રથમ મુદ્દા હેઠળ સને ૧૯૫૮ તથા ૧૯૮૧માં બનાવેલ પ્રાયમરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા સને ૧૯૯૫માં બનાવેલ સેકન્ડરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જુદા જુદા સમયે બનાવેલ હોય તેમના હાઈડ્રોલીક લેવલ અલગ અલગ હોય, સુએઝને પ્લાન્ટમાં બે વખત પંપ કરવું પડે તથા જેના કારણે રૂા.૭૦ લાખ પ્રતિ વર્ષ જેટલું વધારાનું વીજબીલ આવેલ. વધુમાં પ્લાન્ટ ખાતે ૫૫.૦ એમએલડી થી પણ વધારે સુએઝ આવતુ હોવાથી હયાત પંપની કેપેસીટી ઓછી પડતી હોવાથી તેને પણ બદલવાની જરૂરીયાત હતી. આથી જો આ પંપને બદલવાના સ્થાને હાલના પ્રાયમરી ટ્રીટમેન્ટના યુનીટના હાઈડ્રોલીક લેવલ ઉંચા લાવવામાં આવે તો હાલમાં કરવુ પડતુ બેવડું પંપીગ નિવારી કરાય. આથી તે મુજબ નવેસરથી પ્રાયમરી ટ્રીટમેન્ટના યુનીટ કુલ રૂા.૩.૦૫ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે. આને કારણે વીજબીલમાં બચત થવાના પાંચ વર્ષના પે–બેક પીરીયડ બાદ સને ૨૦૨૧ ના ડીઝાઈન વર્ષ સુધીમાં વીજબચતના કારણે વધારાના રૂા.૭.૦૦ કરોડની નેટ બચત કરી શકશે.

બીજા મુદ્દા હેઠળ, GPCB ના હાલના ટ્રીટેડ એફલ્યુઅન્ટના ડીસ્પોઝલ નોર્મ્સ અનુસાર પ્લાન્ટની હયાત BOD (બાયોકેમીકલ ઓકિસજન ડીમાન્ડ) ની ૩૦ મીગ્રા/લી તથા સસ્પેન્ડેડ સોલીડસની ૧૦૦ મીલી/લીની ડીઝાઈન લીમીટને BOD ની ૨૦ મીગ્રા/લી તથા સસ્પેન્ડેડ સોલીડસની ૩૦ મીગ્રા/લી સુધીની અપગ્રેડ કરવાની રહે. જે અંતર્ગત હયાત એરેશન ટેન્કમાં મોડીફીકેશન તથા નવા બીજા બે સેકન્ડરી કલેરીફાયર બનાવવામાં આવેલ છે. વધુમાં, GPCB દ્વારા પ્લાન્ટની કન્સેન્ટમાં રેસીડયુઅલ કલોરીનની ૦.૫ મીગ્રા/લી જેટલી માત્રાથી આવશ્યકતા દર્શાવેલછે. જેના કારણે પ્લાન્ટમાં નવી કલોરીનેશન સીસ્ટમ બનાવવામાં આવેલ છે. હયાત ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સ્લજ ડીવોટરીંગ માટે સ્લજ ડ્રાઈંગ બેડસ આવેલ હતા. જેના ઓપરેશનમાં ખાસ કરીને ચોમાસા તથા શિયાળાના સમયમાં વરસાદ તથા ઓછા ઉષ્ણતામાનને કારણે સ્લજ સુકવવામાં તકલીફ પડે છે જેના કારણે પણ પ્લાન્ટની એફીશીયન્સી પર અસર પડે છે. વધુમાં આ સ્લજ ડ્રાઈંગ બેડ ખૂબ જ પ્રમાણમાં જગ્યા રોકે છે. આથી, તેને કારણે થતી તકલીફો નિવારવા મીકેનીકલ ડીવોટરીંગ સીસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે.

આ અપગ્રેડેશન કુલ રૂા.૧૪૦૬.૬૫ લાખના ખર્ચે કરવામાં આવેલ છે. જેની સામે રાષ્ટ્રીય અર્બન રીન્યુઅલ મીશન અન્વયે કેન્દ્ર અને રાજય સરકારનો રૂા.૭.૬૯ કરોડનો ફાળો મંજુર થયેલ છે.

આ પ્રસંગે મહાનગર સેવા સદનનાં વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ, સદ્દસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા વિશાળ જનસમુદાય ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP